# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૨૮/૧/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી જનરલ)

---

## ચેમ્બરના ઓટો એક્ષ્પોમાં લાલગેટનો વિદ્યાર્થી લકી ડ્રોમાં ન્યુ લોન્જડ્ YAMAHA R15 બાઇકનો વિજેતા બન્યો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલા ચાર દિવસીય 'સુરત ઇન્ટરનેશનલ ઓટો એક્ષ્પો ૨૦૧૯'માં લકી ડ્રોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. ચાર દિવસ દરમિયાન ૩૦ હજાર જેટલા લોકોએ ઓટો એક્ષ્પોની મુલાકાત લીધી હતી અને લકી કૂપનનો લાભ લીધો હતો.

ઓટો એક્ષ્પોના ચોથા અને અંતિમ દિવસે સોમવારે તા. ૨૮ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સાંજે ૬:૦૦ કલાકે એકત્રિત થયેલી લકી કૂપનોનો ડ્રો કરવામાં આવ્યો હતો. જેમાં લાલગેટના શ્રી નોમન અંજુમ ચોકસી વિજેતા બન્યો હતો. વિજેતા નોમનને ચેમ્બર દ્વારા જાહેર કરવામાં આવેલી રૂપિયા ૧.૭૫ લાખની કિંમતનું યામાહા કંપનીનું ન્યુ લોન્જડ્ બાઇક YAMAHA R15 આપવામાં આવી હતી. લકી ડ્રો વિજેતા નોમન ચોકસી અડાજણની આઇએએનટી ઇન્સ્ટીટયુટમાં સાયબર સિકયુરીટીનો કોર્સ કરી રહયો છે.